# સેંટ ઝેવિયર્સના ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી ઉત્સવ પરમાર યુપીએસસીમાં ઉત્તિર્ણ



ગાંધીનગર, તા. ૬

ભારતની સર્વોચ્ચ વહીવટી સેવામાં સનદી અધિકારી તરીકે નોકરી આપતી અત્યંત પ્રતિષ્ઠિત યુપીએસસીના તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં ગુજરાતીઓનો દબદબો વધવા પામ્યો છે. ગુજરાતના પસંદગી પામેલા ૧૯ ઉમેદવારોમાં એક ગાંધીનગરના ઉત્સવ પરમારની પણ પસંદગી થતા શહેરમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. મધ્યમ વર્ગીય પરિવારના ઉત્સવ પરમાર સાહિત્ય, લેખન સહિત ઘણા ક્ષેત્રે બહુમુખી પ્રતિભા ધરાવે છે અને હાલ અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે નાયબ ચીટનીસ તરીકે તેમની સેવાઓ આપી રહ્યાં છે.

**ઉત્સવે માતા-પિતાનું સપનું સાકાર કર્યું : ફાર્મસીમાં ગ્રેજ્યુએટ થયેલા ઉત્સવ સાહિત્ય-લેખનમાં કાર્યરત છે અને હાલ અમદાવાદ જિલ્લા પંચાયતમાં નાયબ ચીટનીસ તરીકે ફરજ બજાવે છે : ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ ઉત્સવ દ્વારા લિખિત નાટકને શ્રેષ્ઠ નાટકનો એવોર્ડ મળ્યો હતો**

ગુજરાત રાજયના નાગરિક અન્ન પુરવઠા કચેરી ખાતે ઉપસચિવની સેવાઓ આપી ચુકેલા અને હાલ નિવૃત્ત એવા ધનજીભાઈ પરમાર અને તેમના પત્નિ હંસાબેનના સૌથી મોટા પુત્ર ઉત્સવ પરમાર ગાંધીનગરના સે. ૭માં જન્મ્યા અને ઉછર્યા છે. તેમણે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકનું તમામ શિક્ષણ નગરની સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં ગુજરાતી માધ્યમમાં પ્રાપ્ત કર્યુ હતુ. અને ત્યારબાદ તેઓએ અડાલજ ખાતે અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસીમાંથી ગ્રેજ્યુએશન કર્યુ હતુ. નાનપણથી જ ભણવામાં હોંશિયાર ઉત્સવે એસએસસી બોર્ડમાં ૯૨.૧૪ ટકા મેળવ્યા હતા અને ધો. ૧૧ અને ૧૨ સાયન્સ બી ગ્રુપમાં ૭૮.૪૦ ટકા સાથે ઉત્તીર્ણ થયા હતા. ૪ વર્ષના ફાર્મસીનો અભ્યાસ પણ તેમણે ડિસ્ટીંકશન ગુણ સાથે પાસ કર્યો હતો. બહુમુખી પ્રતિભા ધરાવતા ઉત્સવ પરમારે નાની ઉંમરથી જ કવિતાઓ લખવાનું ચાલુ કર્યુ હતુ. ઉત્સવ પરમારે અભ્યાસની સાથે સાથે અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું હતું. જેમાં તેમણે ૪ વર્ષ સુધી ગાંધીનગરના વાઈલ્ડ લાઈફ ટ્રનિંગ સેન્ટરમાં રિસોર્સ પર્સન તરીકે સેવાઓ આપી ચુક્યા છે. અને બર્ડ રેસ્ક્યુ જેવી જીવદયાની પ્રવૃત્તિઓ પણ કરી ચુક્યા છે. તેઓએ ફ્રેન્ચ અને જર્મન એમ બે વિદેશી ભાષાઓ શિખી છે. અને હેમ રેડિયો ઓપરેટરની પરીક્ષા પાસ કરી છે. મિત્ર મૌલિકરાજ શ્રીમાળી સાથે મળીને 'એક નવી શરૂઆત' નાટક લખ્યું હતું જેને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા શ્રેષ્ઠ નાટકનો એવોર્ડ જીત્યો હતો. તેમણે તાજેતરમાં ટ્રાન્સજેન્ડર્સ એટલે કે હીજડાઓના જીવન આધારિત એક દસ્તાવેજી ફિલ્મ બનાવી છે. તેઓ હંમેશા લેખન ક્ષેત્રે કાર્યરત રહ્યાં છે અને ગાંધીનગર સમાચારમાં કોફી હાઉસ નામની કોલમ પણ લખે છે.

માતા-પિતા ઉપરાંત એક ભાઈ અને એક બહેન સાથેનો ખુશહાલ પરિવાર ધરાવતા ઉત્સવ પરમારે યુપીએસસી પાસ કરવા માટે છેલ્લા બે વર્ષથી તૈયારીઓ કરી હતી. વર્ષ-૨૦૧૩માં યુપીએસસીની પ્રિલીમમાં માત્ર ૪ માર્ક્સ માટે રહી જનારા ઉત્સવે આત્મવિશ્વાસ ગુમાવ્યા વગર તનતોડ મહેનત કર્યે રાખી જેના પ્રતાપે તેઓ ૨૦૧૪ની પરીક્ષામાં પાસ થયા છે. તેઓ ભારતમાં ૧૦૭૫મો રેન્ક પ્રાપ્ત કર્યો છે અને તેમની પસંદગી ઈન્ડીયન રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં કસ્ટમ વિભાગમાં થઈ શકે છે તેવુ તેમનું માનવું છે. ઉત્સવને આઈપીએસ કરતા આઈએએસ થવામાં વધુ રસ છે. યુપીએસસી પાસ કરવા તેમણે સ્પીપામાં દોઢ વર્ષની તાલીમ લીધી હતી તેમજ અમદાવાદના મીઠાખળી વિસ્તારમાં સરદાર પટેલ સેવા

● અનુસંધાન પાન-૨ પર

# નાગરિક બેન્કની ચૂંટણીમાં આખરે ૧૭ ઉમેદવારો જંગમાં

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નાગરિક બેન્કના બોર્ડ ઓફ ડીરેક્ટરની આગામી ૧૨ જુલાઈના રોજ રસપ્રદ ચૂંટણી યોજવામાં આવનાર છે. જ્યારે ફોર્મ ભરવાની અને ફોર્મ પરત ખેંચવાની જટીલ પ્રક્રિયાના અંતે નાગરિક બેન્કના પ્રતિષ્ઠિત ભર્યા ચૂંટણીજંગમાં ૧૭ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે.

છેલ્લા કેટલાક દિવસથી લઈને ગાંધીનગરમાં નાગરિક બેન્કની ચૂંટણીને લઈને અનેક પ્રકારની ચર્ચાઓ ચગડોળે ચડી હતી. ચોરે ને ચોકે નાગરિક બેન્કમાં ચૂંટણી થશે તેની ચર્ચાઓએ જોર પકડ્યુ હતુ. પરંતુ આજે ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ જવા પામ્યું છે. બેન્કના પ્રતિષ્ઠાભર્યા જંગમાં પરિવર્તન પેનલના ૧૩ ઉમેદવારો અને અન્ય ૪ અપક્ષ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે.

**પરિવર્તન પેનલના ૧૩ અને ૪ અપક્ષ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ**

પરિવર્તન પેનલમાં અશોકભાઈ પટેલ - જાખોરા, અશોકભાઈ પટેલ - ધારાસભ્ય, ઘનશ્યામ પટેલ - અંબાપુર, ચન્દ્રકાન્ત પટેલ - સરઢવ, જયંતિલાલ પટેલ કોન્ટ્રાક્ટર, નરેન્દ્રકુમાર શાહ, પ્રવિણ પટેલ - ક્વોલીટી, મનુભાઈ પટેલ - રિદ્રોલ, લાલસિંહ વાઘેલા - પેથાપુર, વિક્રમભાઈ પટેલ - પોર, વિપુલ પટેલ - બિલ્ડર, વિષ્ણુભાઈ પટેલ - શેરથા, ડૉ. હિંમાશુ પટેલ - એડવોકેટ તેમજ પંકજ શુક્લ, અમૃતભાઈ પટેલ, ભરતભાઈ પટેલ અને દિલીપભાઈ પટેલે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

કેટલાક દિવસથી બેન્કમાં ચૂંટણી થશે કે નહિ તેવી ચર્ચાનો અંત આવ્યો છે અને આગામી ૧૨મી જુલાઈના રોજ ચૂંટણી યોજાશે. ચાલુ પરિવર્તન પેનલમાં અશોક પટેલ - વકીલ અને જયંતિ પટેલ ભગતે ઉમેદવારી પાછી ખેંચતા તેમના સ્થાને અશોકભાઈ પટેલ (જાખોરા) અને વિષ્ણુભાઈ પટેલ (શેરથા)એ ચૂંટણી જંગમાં જંપલાવ્યુ છે.

# આવતીકાલથી જિલ્લાના ૫૫૦૦ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૬

ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આગામી તા ૮ થી ૧૧ જુલાઈ દરમિયાન પુરક પરિક્ષા લેવામાં આવશે. જિલ્લામાંથી અંદાજિત કુલ ૫૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ પરિક્ષામાં બેસશે. શિક્ષણ બોર્ડ દ્વારા પરિક્ષાલક્ષી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે.કુલ ૧૦જેટલા પરિક્ષા સ્થળોએથી પરિક્ષા લેવાશે.

ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરિક્ષાનુ પરિણામ ગત મહીનામાં જાહેર કરી દેવાયા બાદ વિદ્યાર્થીઓ નવા શૈક્ષણિક વર્ષની તૈયારી સાથે અભ્યાસમાં લાગી ગયા છે. જયારે પુરક પરિક્ષાર્થીઓને અનુલક્ષી બોર્ડ દ્વારા આગામી તા ૮ થી ૧૧ જુલાઈ દરમિયાન આયોજન કરવામાં આવ્યુ છે. શિક્ષણ તંત્રના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર આગામી તા ૮ જુલાઈથી શરૂ થનારી પુરક પરિક્ષા મુજબ ધોરણ ૧૦ તેમજ ધોરણ-૧૨ માટે કુલ ૮ બિલ્ડીંગોમાં કાર્યવાહી હાથ ધરાશે. જેમાં ધોરણ ૧૦ માં ૨૮૮૭

● અનુસંધાન પાન-૨ પર

# ગાંધીનગરમાં ૧૪ જુલાઈથી સ્કુલ ઓફ મ્યુઝિક શરૂ થશે

## જાણીતા ગાયક પાર્થિવ ગોહીલ સુર રેલાવી ઉદઘાટન કરશે : ટાઉનહોલમાં રંગારંગ કાર્યક્રમમાં અભિનેતા મનોજ જોષી પણ શ્રોતાઓને અભિનય કલા અંગે રસપ્રદ વાતો કરશે

ગાંધીનગર તા ૬

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આગામી તા ૧૪ જુલાઈના રોજ શહેરના કલારસિકોની વૃતિપ્રવૃતિને વેગ આપવા સ્કુલ ઓફ મ્યુઝિક શરૂ





કરવામાં આવશે. રાત્રિના ૮:૩૦ કલાકે ટાઉનહોલ ખાતે રંગારંગ કાર્યક્રમ યોજાશે. જયારે આ દરમિયાન પાર્થિવ ગોહીલ ગીતોના સુર રેલાવી સ્કુલ ઓફ મ્યુઝિકનુ ઉદઘાટન કરશે.જયારે આ તબક્કે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીના ૮૦ મા જન્મદિવસે આંતર શાળા કોલેજ અભિનય સ્પર્ધા પણ યોજવામાં આવશે. અભિનેતા મનોજ જોષી તેમજ ઉપેન્દ્ર ત્રિવેદીના પુત્ર આશિષ ત્રિવેદી પણ ખાસ હાજરી આપી પ્રોત્સાહન પુરુ પાડશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નગરજનોને અનુલક્ષી સ્કુલ ઓફ એકટીંગ ,ડાન્સીંગ તેમજ સ્કુલ ઓફ ડ્રોઈંગ શરૂ કરવામાં આવી છે. જયારે આગામી તા ૧૪ જુલાઈથી સ્કુલ ઓફ મ્યુઝિક પણ શરૂ કરવામાં આવશે. આ તબક્કે ટાઈનહોલ ખાતે રાત્રિના ૮:૩૦ કલાકે જાણીતા ગાયક પાર્થિવ ગોહીલ સુર રેલાવી સ્કુલ ઓફ મ્યુઝિકનુ ઉદઘાટન કરશે. જાણીતા અભિનેતા મનોજ જોષી પણ અભિનય કલા અંગે વાત કરશે. માર્ગ મકાન મંત્રી નિતિન પટેલ વિશેષ ઉપસ્થિત રહી કલાપ્રેમીઓને પ્રોત્સાહન પુરુ પાડશે. જયારે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીની ૮૦ મી જન્મ જયંતિ નિમિત્તે આંતર શાળ તેમજ કોલેજ માટે અભિનય સ્પર્ધા યોજવામાં આવશે.રંગારંગ કાર્યક્રમ દરમિયાન સ્કુલ ઓફ મ્યુઝિકનો પણ પ્રારંભ કરવામાં આવશે.

# વરસાદના વિલંબથી પક્ષીઓની વર્તણુંકમાં પણ ફેરફાર



## વૃક્ષોની કટોતીના લીધે કુદરતના જૈવિક ઘટકોમાં ફેરફાર પ્રકૃતિની ગોદમાં વિહરતા અબોલ પક્ષીઓને વિસામો મળતો નથી

વરસાદ ખેંચાતા પંખીઓની વર્તણુંકમાં પણ પરિવર્તન જોવા મળે છે. એકબાજુ વૃક્ષછેદનની પ્રવૃતિ વધી છે.ત્યારે સિમેન્ટ કોક્રીંટના જંગલો વધતા પ્રકૃતિ સામે ખતરો મંડરાયો છે.આવા સંજોગોમાં કુદરતના જૈવિક ઘટકોમાં ફેરફાર જોવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી ચકલી શહેરમાં જોવા મળતી નથી. કાળો કોથી બ્રાહ્મણી મેના દરજીડો તેમજ દેવચકલી જેવા પક્ષીઓ રોજબરોજ જોવા મળતા પંખીઓ પણ નજરે ચઢતા નથી. મૌસમના બદલાતા મિજાજની સાથે હરિયાળા વૃક્ષોનુ છેદન પણ આ પક્ષીઓની ગતિવિધિઓને પ્રભાવિત કરી છે. પક્ષીઓના ખોરાકની ઉપલબ્ધિ ઘટતા હાઈટેક વિકાસની લ્હાયમાં પ્રકૃતિની ગોદમાં વિહરતા પક્ષીઓના આરામ સ્થળો પણ ખોવાતા જાય છે. બીજીતરફ વર્ષા ઋતુની સિઝન પણ ખોરવાઈ જતા હાલના તબક્કે આ પક્ષીઓની વર્તણુંકમાં વિશેષ ફેરફાર જોવા મળે છે.



(તસવીર સૌજન્ય : ડો. દક્ષેન ત્રિવેદી)

# ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

## બિનહરીફ ચૂંટાયેલા સભ્યોની જાહેરાત

| ક્રમ | મતદાર વિભાગ | બીનહરીફ ચૂંટાયેલ સભ્યનું નામ |
|---|---|---|
| ૧ | સેક્ટર-૨ | શ્રીમતી હસુમતીબેન રાજુભાઈ પટેલ |
| ૨ | સેક્ટર-૩/૬ | શ્રી ઈશ્વરભાઈ સોમાભાઈ પટેલ |
| ૩ | સેક્ટર-૭ | શ્રીમતી ભાનુમતીબેન રમેશભાઈ રોહિત |
| ૪ | સેક્ટર-૧૨/૧૩ | શ્રીમતી રેણુકાબેન લિનેશકુમાર પટેલ |
| ૫ | સેક્ટર-૧૪/૨૫ | શ્રી સુરેશકુમાર નટવરલાલ મહેતા |
| ૬ | સેક્ટર-૧૬/૨૩ | શ્રી પંકજકુમાર બળવંતરાય શુક્લ |
| ૭ | સેક્ટર-૧૭/૨૨ | શ્રી કેતનકુમાર દિનેશભાઈ પટેલ |
| ૮ | સેક્ટર-૧૯/૨૧ | શ્રી કીરીટકુમાર ચીમનલાલ શાહ |
| ૯ | સેક્ટર-૨૦/૩૦ | શ્રી ગજેન્દ્રસિંહ કરણસિંહ રાઠોડ |
| ૧૦ | સેક્ટર-૨૪ | શ્રી રાજેશ સીતારામ પંચોલી |
| ૧૧ | સેક્ટર-૨૬/૨૭ | શ્રી બિપીનસિંહ દશરથસિંહ વાઘેલા |
| ૧૨ | સેક્ટર-૨૮/૨૯ | શ્રી દિલીપસિંહ રામસિંહ ચૌહાણ |
| ૧૩ | જીઈબી | શ્રી ચંદ્રસિંહ હઠુભા વાઘેલા |

## તારીખ : ૧૨/૭/૨૦૧૫ને રવિવારે થનાર ચૂંટણીની વિગત

| સેક્ટર | ક્રમ | ઉમેદવારનું નામ | ચૂંટણીનું સ્થળ |
|---|---|---|---|
| સેક્ટર-૧/૮ | ૧ | શ્રી નિલેશકુમાર જશવંતલાલ પટેલ | રંગમંચ |
| | ૨ | શ્રી મંગળભાઈ કેશવલાલ પટેલ | સેક્ટર-૮ |
| સેક્ટર-૪/૫ | ૧ | શ્રી અલ્પેશકુમાર મણીલાલ પ્રજાપતિ | ઓમકારેશ્વર |
| | ૨ | શ્રી તેજાભાઈ ખોડાભાઈ દેસાઈ | મંદિર પાસે |
| | | | સેક્ટર-૪ |

તારીખ : ૬/૭/૨૦૧૫
૫/૩૦ (પી.એમ.)

(બી.આર. શર્મા)
ચૂંટણી અધિકારી
ગાંધીનગર દૂધ વાપરનારાઓની
સહકાહી મંડળી લિમીટેડ

# અતિવૃષ્ટિગ્રસ્ત અમરેલી માટે સહાય પેકેજ જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૬

અમરેલી જિલ્લામા અતિવૃષ્ટિથી થયેલ નુકશાનમાં અસરગ્રસ્તોને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા સહાય પેકેજોનો ડ્રાફટ તૈયાર કરી દીધો છે અને ટુંક સમયમાં સહાય પેકેજો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં સૌરાષ્ટ્રમાં થયેલા અતી ભારે વરસાદને કારણે અમરેલી જિલ્લામાં ભારે તબાહી સર્જાઈ હતી. અતિવૃષ્ટિથી થયેલા નુકશાનનો અંદાજ મેળવીને સહાય પેકેજ તૈયાર કરવા રાજ્યના માર્ગ મકાન મંત્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મંત્રીઓની એક પેટા કમિટિની રચના કરવામાં આવી હતી.

મંત્રીઓની પેટા સમિતિની આજે મળેલી બેઠકમાં સિંચાઈ વિભાગના અધિકારીઓ અને રાહત નિયામકશ્રી સહીતના અધિકારીઓ સાથે અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિથી ખેડૂતોની કેટલા હેક્ટર જમીનનું ધોવાણ થયું છે તેટલી જમીન સમથળ કરવી પડે તેમ છે તેમજ વેપાર ઉદ્યોગને કઈ કઈ બાબતોનું કેટલુ નુકશાન થયું છે તે અંગેનો અંદાજ મેળવવામાં આવ્યો હતો.

નુકશાનીનો અંદાજ મેળવવામાં આવ્યા બાદ વેપાર અને નાના મધ્યમ ઉદ્યોગોને નુકશાન પેટે સહાય માટે કઈ પ્રકારનું સહાય પેકેટ આપવું એ અંગેની ચર્ચા કરીને સહાય પેકેજનો ડ્રાફટ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ ઉપરાંત ખેડૂતોના ઉભા પાકને તેમજ ખેતીની જમીનને થયેલ નુકશાન અંગે અલગથી કૃષિ સહાય પેકેજ આપવા માટેનો સૈદ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો છે અને કૃષિ સહાય પેકેજનો પણ ડ્રાફટ તૈયાર કરીને આગામી કેબીનેટ બેઠકમાં મંજુરી અર્થે રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.





“First Internal Security University of India”
RAKSHA SHAKTI UNVERSITY
(Established by Govt. of Gujarat and recognized bye UGC)
New Mental Corner, Maghaninagar, Ahmedaba - 380016

Admission Notification for 2015-16

| Course Name | No. of Seates | Duration | Annual Fee | Educational Qualification |
|---|---|---|---|---|
| Post Graduate Diploam in Industrial Security | 20 | 2 Semester | 30,000 | Graduate in any discipline |
| LLM in Crime & Security Laws | 20 | 4 Semester | 40,000 | LLB or equivalent with minimum 50% marsks. (40% for Reserved Categories) |
| Ph.D. in Interdisciplinary area | 18See details in the notification from website | | | |

Last Date of Application for following courses are extended up to 27/7/2015

| Course Name | No. of Seates | Duration | Annual Fee | Educational Qualification |
|---|---|---|---|---|
| Post Graduate Diploam in Prosection | 30 | 2 Semester | 21,000 | LAW GRADUATE |
| M. A. in Criminology | 25 | 4 Semester | 30,000 | Graduate in any discipline |
| M.A. in Police Administration | 25 | 4 Semester | 30,000 | Graduate in any discipline |

(1) For details, visit our website, www.rakshashaktiuniversity.edu.in OR www.rsu.ac.in
(2) Female candidates are intitled for 50% rebate in course fees in all courses, except Ph.D.
**(3) Last Date for submission of Application form : 27/7/2015**

Contact for Information
Tel : (079) 22684222, Cell : 09099934162
Email : asst.registrar@http://www.rakshashaktiuniversity.edu.in
Website : www.rakshashaktiuniversity.edu.in OR www.rsu.ac.in

ક્રમાંક/સંમાનિ/અમદ/૫૯૯/૨૦૧૫











Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com